# રાજકોટમાં જર્મની સંસ્થા દ્વારા 'ગાંધીમારી નજરે' ચિત્ર સ્પર્ધા

રાજકોટ, તા.૨

ગાંધી ઈન્ફોર્મેશન સેન્ટર, બર્લિન (જર્મની) તેમજ ગાંધી રીસોર્સ એન્ડ એજ્યુકેશન સેન્ટર, રાષ્ટ્રીયશાળા રાજકોટના સંયુક્ત ઉપક્રમે ધો. ૫ થી ૭, ૮ થી ૧૦, ૧૧ થી ૧૨ અને કોલેજ કક્ષા સુધી ગાંધી મારી નજરે વિષય ઉપર તા.૧૫મી ફેબ્રુઆરી, શનિવારના રોજ રાષ્ટ્રીયશાળા ખાતે રાજકોટ મ્યુ.કોર્પોરેશનના સહયોગથી ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

ગાંધી ઈન્ફોર્મેશન સેન્ટરના સ્થાપક અધ્યક્ષ શ્રી પીટર રૂહની યાદીમાં જણાવાયુ છે ભાગ લેવા ઈચ્છનાર દરેક સ્પર્ધકોએ જે તે શાળા કે કોલેજના આચાર્ય મારફતે અથવા રાષ્ટ્રીય શાળા કે બાલભવન (રેઈસકોર્સ) ખાતેથી પ્રવેશપત્ર તેમજ જરૂરી માહિતી મેળવી તા.૧૦મી ફેબ્રુઆરી સુધીમાં પોતાનું નામ નોંધાવવાનું રહેશે.

આ સ્પર્ધામાં ભાગ લેનાર દરેક સ્પર્ધકને ગાંધી ઈન્ફોર્મેશન સેન્ટર, બર્લીનનું પ્રમાણપત્ર મળશે વિશ્વના ઘણા- બધા દેશોમાં પ્રદર્શિત કરવામાં આવશે.

પીટરના મત પ્રમાણે આ સ્પર્ધાનો હેતુ ગાંધી વિચારનો પ્રસાર કરવાનો છે આથી અન્ય દેશોના વિદ્યાર્થીઓને ચિત્ર દોરનાર સાથે પત્ર મૈત્રી સ્થાયી ગાંધી વિચાર જાણવાની તક પ્રાપ્ત થશે.

'JAYHIND' Feb. 3, '92.

## ગાંધીવાદી જર્મન અગ્રણી પીટર રૂહેને મહાત્મા ગાંધી સ્મૃતિ પુરસ્કાર



રાજકોટ, બુધવાર

"મારું જીવન એ જ મારી વાણી" તેમજ "સાદુ જીવન અને ઉચ્ચ વિચાર" ને જીવનમંત્ર બનાવી ગાંધી દર્શનને સમર્પિત પશ્ચિમ બર્લીનના વતની પીટર રૂહેને તેમના દ્વારા થતા ગાંધી વિચાર સરણીના વિશ્વના દેશોમાં પ્રસાર પ્રચાર કરવા તથા વિશ્વશાંતિને જીવનનું ભાથું બનાવવા સબબ અત્રેની [શ્રી સંસ્કાર શિક્ષણ સેવા ટ્રસ્ટ પ્રેરિત "શબ્દરંગ"નો "મહાત્મા ગાંધી સ્મૃતિ પુરસ્કાર" જાહેર કરવામાં આવેલ છે. આ પુરસ્કાર આ માસના છેલ્લા અઠવાડીયામાં એક જાહેર સમારંભમાં નિમંત્રીતોની ઉપસ્થિતિમાં એનાયત કરવામાં આવશે.]

પ્રાપ્ત માહિતી પ્રમાણે શ્રી પીટર બર્લીન સ્થિત ગાંધી ઈન્ફર્મેશન સેન્ટરના સ્થાપક પ્રમુખ છે. તેઓએ જર્મન, ઉપરાંત ડેનમાર્ક, ઈગ્લેંન્ડ, ઇઝરાયેલ તથા ભારતમાં પ્રદર્શનનો, ફિલ્મ, પુસ્તકો વગેરે માધ્યમો દ્વારા ગાંધી વિચારનો પ્રસાર પ્રચાર કરે છે તેઓ વ્યવસાયે કમ્પ્યુટર પ્રોગ્રામર (ટેકનીકલ યુનિવર્સિટી, બર્લીન) છે.

GUJRAT SAMACHAR 6.2.92

Jansatta: 5.2.'92

## શહેર



જર્મનીના પીટર રુહે બાલભવનની મુલાકાત લીધી ત્યારની તસવીરમાં તેમની સાથે સંસ્થાના સંગીત કક્ષના બાળકો સાથે જનાર્દન પંડયા, અશોક ચંચલ કિરણ મણિયાર, કિરીટ વ્યાસ વગેરે નજરે પડે છે.

## ગાંધીજી વિષે શકય તેટલું વધુ જાણવા જર્મનીના પીટરનો અનુરોધ

રાજકોટ, તા. ૪ : ગાંધી વિચારસરણીને સમર્પિત તથા ગાંધીજીના જીવન અને તેમના કાર્યો વિષે વિશ્વભરમાં પ્રચાર પ્રસાર કરનાર બર્લિન (જર્મની)ના સ્થાપક અધ્યક્ષ ...રે બાલભવનની મુલાકાત ...ળકોના વિકાસાર્થે થતી પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કર્યું હતું. તેઓએ વિદ્યાર્થીઓને ગાંધીજી વિષે વધુમાં વધુ માહિતી મેળવી શાંતિ

સ્થાપવામાં મદદ કરવા અનુરોધ કર્યો હતો. તેમનું સ્વાગત સંસ્થાના મંત્રી જનાર્દનભાઈ પંડયાએ કર્યું હતું.

સંસ્થા વિષેની માહિતી કિરીટભાઈ વ્યાસે આપી હતી. અને આભાર દર્શન અશોક ચંચલે કર્યું હતું.